પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર


E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૫, અંકઃ૩૨, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૯-૦૯-૨૦૨૧ બુધવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 32 PRICE :-RS. 1.50 DATE : 29-09-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વિધાનસભા સત્રના અંતિમ દિવસે ગૃહમાં કેગનો અહેવાલ રજૂ કરાયો

# ગુજરાતનું જાહેર દેવું અધધ...૩ લાખ કરોડને પાર



ગાંધીનગર,

વિધાનસભા ચોમાસુ સત્ર બે દિવસનું હતું જે પૂર્ણ થઈ ગયું છે. સત્રના બીજા અને અંતિમ દિવસે કેગનો અહેવાલ રજૂ કરાયો હતો. આ વર્ષે કેગના અહેવાલની બુકને બદલે સીડી આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે અંતિમ દિવસે વિપક્ષ તમામ મુદ્દે સરકારને ઘેરવાની કોશિશ કરી હતી. તો બીજી બાજુ ગુજરાત પર દેવાના વિપક્ષના સવાલમાં સરકારે આંકડા રજૂ કર્યા છે. ગુજરાતનું જાહેર દેવું ૩ લાખ કરોડને પાર થયુ છે. વર્ષ ૨૦૨૦-૨૧માં દેવામાં ૩૩,૮૬૪ કરોડનો વધારો થયો છે. જ્યારે વર્ષ ૨૦૧૯-૨૦માં દેવામાં ૨૬, ૭૯૧ કરોડનો વધારો થયો છે. કોંગ્રસ ધારાસભ્ય નિરંજન પટેલે પૂછેલા સવાલનો સરકારે જવાબ આપ્યો છે. બીજી બાજુ ગૃહમાં રૂપાણી સરકારની કામગીરી, નિર્ણયોની ટીકા કરતો કેગનો અહેવાલ રજૂ કરાયો, કેગના અહેવાલની બુકને બદલે સીડી આપવામાં આવી છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે રાજય સરકારનું નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની સ્થિતિમાં ૩,૦૦,૯૫૯ કરોડ દેવું હોવાનો રાજ્ય સરકારે સ્વીકાર કર્યો છે. વર્ષ ૨૦૧૯-૨૦માં ૨૬,૭૯૧ કરોડ અને વર્ષ ૨૦૨૦-૨૧ મા ૩૩,૮૬૪ કરોડ દેવામાં વધારો થયો છે.. પેટલાદના ધારાસભ્ય નિરંજન પટેલના સવાલ પર રાજ્ય સરકારે જવાબ રજૂ કર્યો હતો.

અત્રે નોંધનીય છે કે, ગુજરાત સરકારનું દેવું દિવસ-રાત કૂદકે ને ભૂસકે વધતું જાય છે. ૩૧ માર્ચ, ૨૦૨૧ના અંતે સરકારનું જાહેર દેવું રૂ. ૩,૦૦,૯૫૯ કરોડે પહોંચશે અને બે વર્ષ બાદ ૨૦૨૩-૨૪ના અંતે એ રૂ. ૪,૧૦,૯૮૯ કરોડ વટોળી જવાનો અંદાજ છે. વર્ષ ૨૦૨૧-૨૨ના અને વર્ષ ૨૦૨૨-૨૩ના આખરે આ જાહેર દેવું અનુક્રમે રૂ. ૩,૨૭,૧૨૪ કરોડ તથા રૂ. ૩,૭૧,૯૮૯ કરોડ રહેવાની ધારણા રખાઈ છે. રાજ્યના જાહેર દેવામાં માત્ર બે વર્ષના ટૂંક ગાળામાં જ ૬૦ હજાર કરોડથી વધુ રકમનો ધરખમ વધારો થયો છે, વર્ષ ૨૦૧૮-૧૯ના અંતે જાહેર દેવું રૂ. ૨,૪૦,૩૦૫ કરોડ હતું.

## ગુજરાતમાં કોરોના વકરવાનું એક માત્ર કારણ નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ

પરેશ ધાનાણીએ સરકાર પર મોટા આરોપ લગાવતા જણાવ્યું કે કોરોના મહામારી જનતાને બચાવવાના પ્રયાસોને બદલે 'નમસ્તે ટ્રમ્પ' જેવા કાર્યક્રમો યોજ્યા જેના કારણે કોરોના વકર્યો હતો. કોરોનામાં સરકારની કામગીરી નબળી જોવા મળી હતી ક્યાંક કોરોના કાળમાં દવાખાનામાં આરોગ્યની સુવિધાઓ કથડી હતી તો ઓક્સિજન બોટલોનો અભાવ પણ જોવા મળ્યો,તેમજ પરેશ ધાનાણીએ સાબરકાંઠામાં કોવિડમાં મુત્યુઆંકની વાત ખોટી રીતે રજૂ કરાઈ હોવાના આક્ષેપ સાથેવિધાનસભામાં રજૂ કરવામાં આવેલા આંકડા અને આરોગ્ય મંત્રાલયના આંકડાઓમાં તફાવત હોવાનું જણાવ્યું હતું તેમજ કોરોના કાળમાં ઘણા બાળકોએ માતા-પિતાની છત્ર ગુમાવી તો અનેક પરિવારોએ સ્વજનોને બચાવવા લોકો હોસ્પિટલોમાં લૂંટાયા હોવાના સરકાર પર આક્ષેપ કર્યા હતા.

## વિધાનસભા સત્રમાં ભાગ્યા રે ભાગ્યા મુખ્યમંત્રી ભાગ્યાના નારા કોંગ્રેસે લગાવ્યા

ગાંધીનગર,

વિધાનસભા સત્રમાં પ્રશ્નોત્તરી કાળમાં તમામ મુદ્દાઓ પર ચર્ચા થઈ રહી હતી. તે દરમિયાન વિપક્ષે સવાલો ઉઠાવી સરકારને ઘેરી હતી. વિપક્ષે સ્પષ્ટ રીતે કહ્યું કે, સરકાર જે આંકડા આપી રહી તેમાં વિસંગતતા છે. કોરોનાથી થયેલા મોત મામલે સરકાર જે આંકડા આપી રહી છે તેમાં વિસંગતતા આવી રહી છે. તમામ નગરપાલિકા અને ગ્રામ્ય વિસ્તારોમાં જે મૃત્યુ થયા તેનો હવોલો આપતા કોંગ્રેસના ધારાસભ્યોએ આરટીઆઈ હેઠળ વિગતો માંગી હતી. તે વિગતો અને સરકારી આંકડાઓ વચ્ચે ખુબ જ મોટો ભેદભાવ જોવા મળ્યો હતો. સરકારના પોતાના જ આંકડાઓ જે જૂની સરકારે આંકડા આપ્યા હતા અને અત્યારે સરકારે કુલ મોત કહ્યા છે તેમાં વિસંગતતા હતી જેના કારણે વિપક્ષે આક્રમક થઈ સરકારને ઘેરી હતી. પ્રશ્નોત્તરી કાળમાં સરકારના આરોગ્ય મંત્રી ચોક્કસ જવાબ આપી રહ્યા હતા. જે પાંગળો બચાવ હતો અને પુરતો જવાબ ન હતો. જેના કારણે વિપક્ષને મોકળું મેદાન મળ્યું અને વિપક્ષ દ્વારા હોબાળો કરવામાં આવ્યો. વિધાનસભા અધ્યક્ષ દ્વારા વિપક્ષને અટકાવવામાં આવ્યા હતા. તેમના સવાલ જે છે તેને અધ્યક્ષે જિલ્લા પુરતા રાખવાની વાત કરી હતી. જેના કારણે વિપક્ષના સભ્યોએ હોબાળો કર્યો અને સૂત્રોચાર કર્યા હતા. સૂત્રોચાર ક્યા બાદ પ્લે કાર્ડ દર્શાવ્યા હતા. કારણ કે અધ્યક્ષ દ્વારા તેમને બોલવાની તક આપવામાં આવી રહીં ન હતી. તેના કારણે જે પ્લે કાર્ડ દર્શાવીને જે ધારાસભ્યો વેલમાં ધસી આવ્યા હતા. ત્યારબાદ આ તમામ ધારાસભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ગૃહની કાર્યવાહી ૧૧ વાગે શરૂ થવાની હતી પરંતુ મુખ્યમંત્રી ગૃહમાં હાજર હોવા છતાં કાર્યવાહી શરૂ થઈ ન હતી. કારણ કે રાહ જોવાઈ રહી છે કે કોંગ્રેસના સસ્પેન્ડ ધારાસભ્યોને દૂર કરવામાં આવે. માર્શલ દ્વારા આ તમામ ધારાસભ્યોને દૂર કરવામાં આવશે. ત્યારબાદ ગૃહની કાર્યવાહી શરૂ થશે. હજુ પણ ગૃહમાં રામધૂન બોલાવી વિપક્ષ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. સતત વિપક્ષ માંગ કરી રહ્યું છે કે, કોરોનાના સાચા આંકડા સરકાર આપે અને જે મૃતકો છે તેમને ૪ લાખનું વળતર મળે. આ માંગ સાથે ગઈકાલે વિપક્ષે હોબાળો કર્યો હતો અને આજે પણ વિપક્ષ દ્વારા આ મામલે હોબાળો કર્યો હતોગુજરાત વિધાનસભાના બે દિવસીય ટૂંકા ચોમાસું સત્રના પ્રશ્નોત્તરી કાળ દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યોએ વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા વિધાનસભા ગૃહમાં સતત સૂત્રોચારો અને રામધૂન બોલાવી હતી. જે બાદ અધ્યક્ષ દ્વારા ગૃહમાં કાર્યવાહી મોકૂફ રાખવામાં આવી હતી. જો કે, ત્યારબાદ જ્યારે ફરી ગૃહની કાર્યવાહી માટે બેલ વાગતા મુખ્યમંત્રી ગૃહની અંદર પાછા આવ્યા અને પોતાની જગ્યા લીધી હતી. ત્યારે કોંગ્રેસના ધારાસભ્યોના સૂત્રોચારોને જોઈને મુખ્યમંત્રી ગૃહની બહાર જતા હતા. તે દરમિયાન ભાગ્યા રે ભાગ્યા મુખ્યમંત્રી ભાગ્યાના નારા કોંગ્રેસના ધારાસભ્યોએ લગાવ્યા હતા. કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા મુખ્યમંત્રીનો વિરોધ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસ દ્વારા રઘુપતી રાઘવ રાજા રામ, ભાજપ કો સદ બુદ્ધિ દે ભગવાનની રામ ધૂન બોલાવવામાં આવી હતી. કોંગ્રેસના તમામ ધારાસભ્યો દ્વારા વેલમાં બેસીને સરકારનો વિરોધ કરી સૂત્રોચાર કરવામાં આવી રહ્યો હતો.

## પંજાબ કોંગ્રેસ અધ્યક્ષ પદેથી નવજોત સિંહ સિદ્ધુએ રાજીનામું આપ્યું



ન્યુદિલ્હી,

ભારત દેશમાં હાલ ચુંટણીઓ અને બદલીઓના ધમધોકાર ચાલુ છે એમાં રાજકીય પક્ષોમાં અદલા બદલીનો દોર તો ક્યાંય રાજીનામું આપી પક્ષપલ્ટો કરવાનું જોવા મળી રહ્યું છે એવામાં હાલ પંજાબ પર સૌની નજર કેન્દ્રિત છે એવામાં પંજાબમાં હાલ સીએમ બદલાયા ત્યારબાદ મંત્રીમંડળમાં ફેરફારો થયા અને અચાનક પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ નવજોત સિંહ સિદ્ધુએ રાજુનામુ આપતા અડકંપ મચ્યો છે લોકો એવું પણ કહે છે કે આ નવજોતસિંહ સિદ્ધુનું જ કારનામુ છે એ પંજાબ કોંગ્રેસમાં આવ્યો અને ત્યારબાદ આખી ઘટના બની સીએમે રાજીનામુ આપ્યું નવા સીએમ આવ્યા ત્યારબાદ મંત્રીમંડળ માં ફેરફારો થયા આમ સમગ્ર પંજાબનું કામ પૂર્ણ થતાં નવજોતસિંહ સિદ્ધુ દ્વારા કોંગ્રેસ અધ્યક્ષ પદથી રાજીનામું આપતા લોકોમાં તર્કવિતર્કો જાગ્યા. પંજાબ કોંગ્રેસમાં ફરી એક વખત હોબાળો થયો છે. નવજોત સિંહ સિદ્ધુએ પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપીને બધાને ચોંકાવી દીધા છે. મંગળવારે નવજોત સિંહ સિદ્ધુએ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને તેમનું રાજીનામું આપી દીધું છે. નવજોત સિંહ સિદ્ધુએ સોનિયા ગાંધીને મોકલેલી ચિઠ્ઠીમાં કહ્યું છે કે, કોઈ પણ વ્યક્તિના વ્યક્તિત્વમાં ઘટાડો સમજૂતીથી શરૂ થાય છે. હું પંજાબના ભવિષ્ય વિશે કોઈ સમજૂતી કરી શકુ એમ નથી. તેથી પંજાબમાં પ્રદેશ અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપું છું. નવજોત સિંહ સિદ્ધુનું રાજીનામું એટલે ચોંકાવનારુ છે, કારણકે કોંગ્રેસ હાઈકમાન્ડે જ તેમને પ્રદેશ અધ્યક્ષ તરીકે પસંદ કર્યા છે. તે સાથે જ તેમની સાથેના વિવાદના કારણે જ કેપ્ટન અમરિંદર સિંહે તેમનું પદ છોડ્યું હતું. કેપ્ટન અમરિંદર સિંહે પદ છોડ્યા પછી જ કોંગ્રેસ હાઈકમાન્ડે ચરણજીત સિંહ ચન્નીને મુખ્યમંત્રી બનાવ્યા હતા. પરંતુ તાજેતરમાં જે રીતે પંજાબમાં કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું તેનાથી નવજોત સિંહ સિદ્ધુ ખુશ નહતા. ચરણજીત સિંહ ચન્ની મુખ્યમંત્રી બન્યા પછી જે પ્રમાણેની તસવીરો સામે આવી હતી તે વિશે પણ ઘણાં વિવાદ શરૂ થયા હતા. તેમાં નવજોત સિંહ સિદ્ધુ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીનો હાથ પકડેલો હતો. તેના કારણે કોંગ્રેસની અંદર આવા અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે.

## ગુજરાતમાં ખનિજ ચોરીનો ભાંડો ફૂટતા દિલ્હીથી તપાસના આદેશ

અમદાવાદ,

વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી બાદ મોટા ગજાના નેતા, એ જ નેતાની નિકટ રહેલા સિનિયર IAS અધિકારી અને તે જ IASના બેચમેટ બીજા IASની સાંઠગાંઠમાં થયેલી ખનિજ ચોરીઓ સરકાર બદલાયાના બે જ સપ્તાહમાં પ્રકાશમાં આવી છે. મહાલક્ષ્મી માઈન્સ નામે જાણિતા વિનોદ મોદીએ જામનગર, કચ્છ, પોરબંદર, પંચમહાલ અને વડોદરા જિલ્લામાં મોટાપાયે ગેરકાયદે ખનિજનું ખનન કર્યાની ફરિયાદ વડાપ્રધાન કાર્યાલય સુધી પહોંચી છે. સચિવાલયમાં જાણકાર અધિકારીઓના કહેવા મુજબ ''ભૂતકાળના ચારેક વર્ષ દરમિયાન મહાલક્ષ્મી માઈન્સને જ્યાં લીઝ ફાળવવામા આવતી તે ક્ષેત્રફળની બહાર ખનન કરીને બોક્સાઈટની ચોરી કર્યાનું અનેક વખત બહાર આવ્યુ હતુ. એક તબક્કે તો આ ચોરી સામે કાર્યવાહી શરૃ કરનારા તત્કાલિન ખાણ ખનિજ કમિશનરની જ બદલી કરી દેવાઈ હતી. બાદમાં કમિશનરને ચાર્જ GMzTZÍThના એમ.ડી.ને સોંપી દેવાયો હતો. જો કે, જેમની બદલી કરી દેવાઈ હતી તે જ IASને બે મહિના અગાઉ ફરીથી કમિશનર તરીકે મુકવામાં આવતા જામનગર, કચ્છ, પંચમહાલ અને વડોદરામાં બોક્સાઈટથી લઈને રેતી, કપચી જેવી નાના ખનિજ દ્રવ્યોમાં રાજકિય અને સિનિયર IASની સાંઠગાંઠમાં થયેલા કાંડની ફરિયાદો છેક દિલ્હી સુધી પહોંચી છે'' પોતાની રાજકિય રસુખને બળે મહાલક્ષ્મી માઈન્સના વિનોદ મોદીએ સરકાર સાથે કચ્છમાં ખનન વિકાસ પરિયોજનાઓ માટે કરાર પણ કર્યા હતા. જો કે, ગુજરાતમા મુખ્યમંત્રી સહિત ભાજપની આખી સરકાર બદલાયા બાદ છેલ્લા ત્રણ- ચાર વર્ષમાં ગેરકાયદેસર ખનનનો ભાંડો ફુટતા તેના ઉપર રોક ફરમાવ્યાનું જાણવા મળ્યુ છે.અમદાવાદના વિનોદ મોદી નામના લીઝ હોલ્ડરે ગુજરાતમાંથી રૃ.૫૦૦ કરોડથી વધારે રકમના ખનિજનુ ગેરકાયદે ખનન કર્યાની માહિતી બહાર આવતા દિલ્હીથી તપાસના આદેશો છુટયા છે. માત્ર ત્રણ- ચાર વર્ષમાં જ સ્ર્વિણમ સંકૂલમાં રાજકિય અને વહિવટી ઓથ હેઠળ આકાર પામેલી બોક્સાઈટ, લિગ્નાઈટ અને લાઈમસ્ટોની ચોરીને કારણે ગુજરાત સરકારના ખાણ ખનિજ વિભાગની આવક રૃ.૧૬૦૦ કરોડથી ઘટીને રૃ.૧૨૦૦ કરોડે પહોંચી ગઈ છે.

## રાજ્યમાં ૩ વર્ષમાં ૪૦૭ કેદીઓ ગાયબ

અમદાવાદ,

ગુજરાતની જેલોમાં ૭૭ જેટલા કાચા અને પાકા કામના કેદીઓ PIV એઈઝડની બીમારીથી પીડાય છે. જ્યારે મહિલા કેદીઓ સાથે ૩૬ જેટલા બાળકોને જેલમાં જ રહેવાની છૂટ અપાવામા આવી છે.ગુજરાતની જેલોમાંથી જુલાઈ- ૨૦૧૮થી જૂન-૨૦૨૧ વચ્ચેના ત્રણ વર્ષમાં પેરોલ અને ફ્લો ઉપર છૂટેલા ૪૦૭ કેદીઓ પાછા જ ફર્યા નથી. વિધાનસભામાં જેલમંત્રીએ લેખિત ઉત્તરમાં અમદાવાદ સેન્ટ્રેલ સહિત રાજ્યની ૧૭ જેલમાં ક્ષમતાથી વધુ કેદીઓ હોવાનું સ્વીકાર્યુ છે. આ સ્થિતિ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા કઈ હદે કથળી છે તે સ્વંય સ્પષ્ટ કરે છે. ગત વર્ષે કોરોના મહામારી શરૃ થયા બાદ અધિકાંશ કેદીઓને પેરોલ અને ફર્લો પોતાના ઘરે મોકલવામા આવ્યા હતા. જો કે, લોકડાઉન દરમિયાન જેમની મુદત પૂર્ણ થતી હતી તેવા કેદીઓનો જેલ તંત્ર દ્વારા સ્વિકાર ન કર્યાના પણ કિસ્સા પ્રકાશમાં આવ્યા હતા. ત્રણ વર્ષમાં પેરોલ ઉપર છુટેલા ૩૦૨ અને ફર્લો પૂર્ણ થયા પછી પરત ન આવેલા કેદીઓની સંખ્યા ૧૦૫ થવા જાય છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એલ. ડી. રાઠોડ
મુ. જેપુરા,
તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વી. જે. બારીઆ
મુ. ધારીયા,
તા. હાલોલ



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં કોવિડ-૧૯ સંદર્ભે નવી માર્ગદર્શિકા જાહેર કરાઈ

# મહીસાગર જિલ્લામાં નવરાત્રી તહેવાર ઉજવણી : કોવિદ-૧૯ની ગાઈડલાઈનનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે

લુણાવાડા, સમગ્ર દેશમાં કોરોના વાયરસ કોવિડ-૧૯ની અસરને ધ્યાને લેતા ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા કન્ટેન્મેન્ટ અને કન્ટેન્ટમેન્ટ ઝોન બહાર જરૂરી નિયમોની અમલવારી સારૂ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે રાજ્ય સરકારે પણ કોવિડ-૧૯ના સંક્રમણને રોકવા માટે કેટલીક પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણો મુકી નવી માર્ગદર્શિકાઓ બહાર પાડેલ છે. જે અન્વયે મહીસાગર જિલ્લામાં કલેક્ટર ડો.મનીષકુમાર દ્વારા કોવિડ સંદર્ભે માર્ગદર્શિકા તથા પ્રતિબંધો ફરમાવતુ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

માર્ગદર્શિકા મુજબ તમામ દુકાનો, વાણિજ્યક સંસ્થાઓ, લારી ગલ્લાઓ, શોપિંગ કોમ્પ્લેક્ષ, માર્કેટીંગ યાર્ડ, હેર સલૂન, બ્યુટી પાર્લર, રેસ્ટોરેન્ટ, અઠવાડિક ગુજરી/બજાર/હાટ તેમજ વ્યાપારિક ચાલુ રાખી શકાશે. જીમ ૭૫ ટકા ક્ષમતા સાથે તથા જાહેર જનતા માટે જાહેર બાગ-બગીચા રાત્રિના ૧૦ વાગ્યા સુધી કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે જ્યડને આધિન ચાલુ રાખી શકાશે. લગ્ન માટે ખુલ્લા અથવા બંધ સ્થળોએ મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મંજૂરી રહેશે. લગ્ન માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણીની જોગવાઈ યથાવત રહેશે. અંતિમક્રિયા/દફનવિધી માટે મહત્તમ ૧૦૦ વ્યક્તિઓની મંજૂરી રહેશે. તમામ પ્રકારના રાજકીય, સામાજીક (જેમ કે બેસણું), ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા જાહેર જનતા માટે ધાર્મિક સ્થાનો મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે એસ.ઓ.પીને આધિન ખોલી શકાશે. પરંતુ બંધ સ્થળોએ ૫૦ ટકાની ક્ષમતામાં ચાલુ રહેશે. વાંચનાલયો ૭૫ ટકા ક્ષમતા



સાથે કોરોનાને લગતી તમામ નિયમોને આધિન રહેશે.

ધો. ૯ થી પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ સુધીના કોચિંગ સેન્ટરો/ટ્યુશન કલાસીસ તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ માટેના કોચિંગ સેન્ટરો સ્થળની ક્ષમતાના મહત્તમ ૫૦ ટકા વિદ્યાર્થીઓ સાથે બેચ વાઈઝ કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત SOP સાથે ચાલુ રાખી શકાશે. શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓની પ્રવેશ પરીક્ષાઓ તેમજ સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત SOP સાથે યોજી શકાશે. પબ્લિક બસ ટ્રાન્સપોર્ટ ૧૦૦ ટકા પેસેન્જરની ક્ષમતા સાથે ચાલુ રહેશે. બસ ટ્રાન્સપોર્ટ સેવાઓને રાત્રિ કર્ફ્યુમાંથી મુક્તિ આપવામાં આવે છે. જિલ્લામાં પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, સ્પોર્ટ્સ સ્ટેડીયમ, સંકુલમાં પ્રેક્ષકો વગર રમતગમત ચાલુ રાખી શકાશે. સિનેમા થિયેટરો, ઓડિટોરીયમ, એસેમ્બલી હોલ, મનોરંજક સ્થળો, મહત્તમ ૬૦ ટકાની ક્ષમતા સાથે ચાલુ રહેશે. વોટર પાર્ક, સ્પા, સ્વિમીંગ પુલ ૭૫ ટકા ક્ષમતા સાથે કોરોનાને લગતી તમામ નિયમોને આધિન રહેશે. સ્પા સેન્ટરો બંધ રહેશે.

ઉપરોક્ત તમામ બાબતોમાં જણાવેલ વ્યક્તિઓના RTPCR પોઝિટીવ આવ્યા હોય તેવા કિસ્સામાં આર.ટી.પી.સી.આર પોઝિટીવ આવ્યાના ૧૪ દિવસ, હોસ્પિટલની ડિસ્ચાર્જ સમરીની તારીખથી ૯૦ દિવસ પૂર્ણ થયા બાદ તુરંત વેક્સિનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે.

નવરાત્રી દરમિયાન સમગ્ર જિલ્લામાં રાત્રીના ૧૨ કલાક સુધી શેરી, સોસાયટી, ફ્લેટમાં ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં ગરબાનું આયોજન તેમજ દુર્ગા પૂજા, શરદપૂર્ણિમા, દશેરાના તહેવારની ઉજવણી કરી શકાશે. ગરબા/ઉજવણીમાં ભાગ લેનાર દરેક વ્યક્તિઓએ વેક્સિનના બે ડોઝ લીધેલ હોવા જોઈએ. આવા આયોજનમાં લાઉડ સ્પીકર/ધ્વનિ નિયંત્રણ અંગેના સુપ્રિમ કોર્ટના આદેશનું પાલન કરવાનું રહેશે. જિલ્લામાં પાર્ટી પ્લોટ, કલબ, ખુલ્લી જગ્યાએ કે જ્યા કોમર્શિયલ રીતે ગરબાનું આયોજન કરવામાં આવતું હોય તેવા સ્થળોએ નવરાત્રીની ઉજવણીની પરવાનગી આપવામાં આવશે નહી.

અન્ય રાજ્યોમાંથી મહીસાગર જિલ્લામાં પ્રવેશ કરતાં મુસાફરોને RTPCR Test સંબંધમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ લાગુ રહેશે. તમામે ફેસ કવર, માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગનું તેમજ કોવીડ-૧૯ સંબંધિત અન્ય માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ જાહેરનામું તા.૧૦/૧૦/૨૦૨૧ સુધી અમલમાં રહેશે. આ હુકમ સરકારી ફરજ-કામગીરી ઉપરના હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી, સરકારી/ખાનગી દવાખાનાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા, કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ જાહેર સેવક કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તેમજ આવશ્યક ચીજવસ્તુઓનું પરિવહન કરતા વાહનો તથા સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ અધિકૃત પાસ ધરાવતા વ્યક્તિઓ અને વાહનોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૮૮, ધી એપેડેમીક ડિસીઝ એક્ટ, ૧૮૯૭, ધી ગુજરાત એપેડેમીક ડીસીઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ,૨૦૨૦ની જોગવાઈઓ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની જોગવાઈઓ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મહીસાગર જિલ્લામાં ફરજ પરના હાજર એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તેમજ પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને તથા આરોગ્ય વિભાગના અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો વિરૂધ્ધ લેખિત ફરીયાદ નોંધાવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## કોરોના રસીકરણ અભિયાન

# મહીસાગર જિલ્લામાં ૧૦.૮૮ લાખ ઉપરાંતના નાગરિકોને કોરોના વિરોધી વેક્સીન આપી સુરક્ષા પ્રદાન કરાઈ

લુણાવાડા, વૈશ્વિક મહામારી કોવીડ-૧૯ ના સંક્રમણ સામે આરોગ્ય સુરક્ષા કવચ આપતું કોરોના રસીકરણ મહાઅભિયાન મહીસાગર જિલ્લામાં પૂરજોશમાં ચાલી રહ્યું છે. જિલ્લા આરોગ્ય તંત્રે જિલ્લા કલેક્ટર ડૉ.મનીષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી ના માર્ગદર્શન હેઠળ રસીકરણ અભિયાનને વેગવાન બનાવવા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ૧૮ થી ૪૪ વર્ષ વયના નાગરિકોને કોરોના રસી આપવાની કામગીરી હાલ કાર્યરત છે. ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હાથ ધરાયેલ રસીકરણ ઝુંબેશ હેઠળ મહીસાગર જિલ્લામાં અત્યાર સુધી ૧૮ થી ૪૪ વર્ષ વયના તેમજ ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના કુલ ૧૦,૮૮,૩૪૨ નાગરિકોએ કોરોના રસીકરણ કરાવી કોરોના સામે આરોગ્ય સુરક્ષા કવચ મેળવ્યું છે.

ત્યારે ૨૭મી સપ્ટેમ્બર-૨૦૨૧ સુધીમાં લુણાવાડા તાલુકામાં ૨,૮૧,૫૯૦, બાલાસિનોર તાલુકામાં ૧,૭૨,૦૨૧, સંતરામપુર તાલુકામાં ૨,૯૩,૨૪૯, ખાનપુર તાલુકામાં ૯૬,૨૧૭, કડાણા તાલુકામાં ૧,૪૧,૩૯૮ અને વિરપુર તાલુકામાં ૧,૦૩,૮૬૭ મળી જિલ્લાના કુલ ૧૦,૮૮,૩૪૨ જેટલા ૧૮ થી ૪૪ વર્ષ વયના તેમજ ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના નાગરિકો દ્વારા કોરોના વેક્સીનેશન કરાવ્યું છે. જેમા ૧૮ થી ૪૪ વર્ષ વયના ૪,૩૫,૪૯૯ નાગરિકોને કોરોના વિરોધી વેક્સીન આપી સુરક્ષિત કરાયા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૫ થી ૫૯ વર્ષના અને ૬૦ થી વધુ ઉંમરના તેમજ ૧૮ થી ૪૪ વર્ષ વયના ૮,૧૦,૩૨૫ સામે ૭,૧૯,૪૭૬ નાગરિકોને કોરોના રસીનો પ્રથમ ડોઝ સાથે ૮૮.૭૯ ટકા તેમજ ૩,૬૮,૮૬૬ નાગરિકોએ રસીનો બીજો ડોઝ પ્રાપ્ત કરેલ છે.

જિલ્લા કલેક્ટર ડૉ.મનીષકુમારએ જણાવ્યું કે, સાથે સાથે વેક્સીન લીધા પછી પણ કાળજી એટલી જ રાખવાની છે જેમ કે, માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ રાખવું અને જાહેર ભીડવાળી જગ્યા ઉપર જવું નહીં, સેનીટાઇઝ કરવું, જયાં-ત્યાં થુંકવુ નહીં અને ખૂબજ કાળજી રાખી આ રોગની ગંભીરતાને સમજી આપણે બધા સાથે મળી રોગને નિયંત્રણમાં લાવવા તમામ સહયોગ કરશે તેવી આશા વ્યકત કરી હતી.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા રણજીતનગર ખાતે આવેલ ગુજરાત ફલોરો કંપની દ્વારા સસ્ટેનેબલ ડેવલેપમેન્ટ ગોલ દિવસની ઉજવણી કરવામાં આવી. શાળાના બાળકો દ્વારા ગીત રજુ કરવામાં આવ્યું. સાથે ગામમાંથી રેલી યોજીને જાગૃતા ફેલાવાનો ભગીરથ પ્રયાસ કરવામાં આવ્યો. તેમાં જી.એફ.એલના હેડ સહિત ગામના અગ્રણીઓ હાજર રહ્યા.

# ઝાલોદના ખેટકા ગામે ૫૫ વર્ષીય મહિલાને સાપ કરડી જતાં મોત નિપજ્યું

ઝાલોદ, ઝાલોદ તાલુકાના ખેટકા ગામે ૫૫ વર્ષીય મહિલા પોતાના ખેતરમાં કામ કરતા હોય દરમિયાન ઝેરી સાપ કરડી જતાં સારવાર મળે તે પહેલા મહિલાનું મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઝાલોદ તાલુકાના ખેટકા ગામે ખેટકા ફળીયામાં રહેતા કમલીબેન હકલાભાઈ ઉ.વ.૫૫ સવારે પોતાના ખેતરમાં ખેતી કામ કરી રહ્યા હતા. દરમિયાન ઝેરી સાપ કરડી જતાં પરિવારજનો



તસ્વીર : શૈલેષ ભુરીયા, ઝાલોદ

કમલીબેનને સારવાર અર્થે ખસેડે તે પહેલા મોત નિપજાવા પામ્યું હતું. આ બાબે ઝાલોદ પોલીસ મથકે અ.મોતનો ગુનો નોંધાવા પામ્યો છે.

## આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં

# જવાહર નવોદય વિદ્યાલય બાલાસિનોર ખાતે ધો.૬માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ તા.૩૧મી નવેમ્બર સુધી ઓનલાઇન અરજી કરવી

લુણાવાડા, ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા સંચાલિત મહીસાગર જિલ્લાના બાલાસિનોર ખાતેના જવાહર નવોદય વિદ્યાલયમાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ધો.૬માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ કે જેઓ મહીસાગર જિલ્લાની સરકાર માન્ય સરકારી/ખાનગી શાળાઓમાં હાલ ધો.૫(પાંચ)માં અભ્યાસ કરતાં હોય તેવા વિદ્યાર્થીઓને નવોદય વિદ્યાલય સંચાલિત વેબસાઇટ www.navodya.gov.in અથવા navodaya.gov.in/nvs/en/AdmissionJNVST/JNVST-class/6 પર તા. ૩૦/૧૧/૨૦૨૧ સુધીમાં ઓનલાઇન અરજી કરી દેવા મહીસાગર-બાલાસિનોરના જવાહર નવોદય વિદ્યાલયના આચાર્ય ડો. પ્રિયરંજનએ એક યાદી દ્વારા જણાવ્યું છે. ઓનલાઇન ફોર્મ ભરનાર વિદ્યાર્થીની જન્મ તારીખ તા. ૧/૫/૨૦૦૯ પહેલાં અને ૩૦/૪/૨૦૧૩ પછી થયેલ હોય તેવા વિદ્યાર્થીઓ આ ફોર્મ ભરી શકશે નહીં.

તેમણે વધુમાં જવાહર નવોદય વિદ્યાલય એ સંપૂર્ણ આવાસીય વિદ્યાલય છે. અને સી.બી.એસ.સી.નો કોર્સ ચાલે છે. જેમાં છોકરા-છોકરીઓ માટે રહેવા માટેની અલગ-અલગ ઉત્તમ સુવિધાઓની સાથે નિઃશુલ્ક ભોજન તથા રહેવાની વ્યવસ્થા, સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને રાષ્ટ્રીય એકતા માટે સ્થળાંતર નીતિ, રમત-ગમત તથા SPC, NCC, SCOUT GUIDE, ART MUSIC જેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને સર્વાંગીણ વિકાસની તકો પૂરી પાડવામાં આવી છે તેમ જણાવી જિલ્લાના ધો.૬માં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને આ તકનો લાભ મેળવી લેવા કહ્યું છે. જયારે ધો.૬માં પ્રવેશ મેળવવા માટેની પરીક્ષા તા. ૩૦/૪/૨૦૨૨ના રોજ લેવામાં આવશે તેની પણ નોંધ લેવા જણાવાયું છે.

# લુણાવાડાના કોઠંબા ગામે રસ્તાનું કામ ટલ્લે ચઢતા ગ્રામજનો પરેશાન

લુણાવાડા, લુણાવાડા તાલુકાના કોઠંબા ગામમાં રસ્તાનુ કામ ત્રણ માસ ઉપરાંતથી ટલ્લે ચઢતા વાહન ચાલકોને ખોદી કાઢેલા રસ્તાને કારણે હેરાન પરેશાન થવાનો વારો આવ્યો છે.

લુણાવાડા તાલુકાના કોઠંબા ગામમાં રસ્તો પહોળો કરતા તળાવ પાસેના રસ્તાનો ઢાળ કાપી નાંખવામાં આવ્યો હતો અને રસ્તા બનાવવા ખોદી કાઢવામાં આવ્યો હતો. પરંતુ રસ્તાના કામમાં ગેરરિતી અને ભ્રષ્ટાચારના આક્ષેપો થતાં કામ બંધ કરી દેવામાં આવ્યુ હતુ. ત્યારબાદ ત્રણ માસ ઉપરાંતના સમય થવા આવ્યો છતાં ગેરરિતી અંગે તપાસ કરવામાં આવતી નથી કે રસ્તો બનાવવા કામ ફરી શરૂ કરવામાં આવતુ નથી. ઈરાદાપુર્વક આ રસ્તો બનાવવાનુ કામ ટલ્લે ચઢાવવામાં આવ્યુ હોવાથી વરસાદના પાણીને કારણે આ રસ્તો ખાડા ટેકરા અને કાદવકિચડવાળો થઈ ગયો છે. શીંગનલીથી લાડવેલ, પાલ્લા, ખારોલ, બાલાસિનોર તરફનો વાહનવ્યવહાર આ રસ્તા પરથી પસાર થાય છે. મુખ્ય રસ્તા પરનો આ ટુકડો અધિકારીની અડોડાઈ અને જોહુકમીને કારણે ટલ્લે ચઢાવાતા પ્રજાની મુશ્કેલી વધી છે.

# ક્રૂડ ૮૦ ડોલરે પહોંચતા દેશમાં પેટ્રોલ-ડીઝલ વધુ મોંઘા થશે

મુંબઈ, અમેરિકામાં ક્રૂડનું ઉત્પાદન કરતી ઓઈલ રિગ્સની સંખ્યા હવે વધી રહે છે એ જોતાં ત્યાં ઉત્પાદનમાં ફરી વૃદ્ધી થવાની તથા શોર્ટ સપ્લાય હળવી થવાની ગણતરી બજારના સૂત્રો બતાવી રહ્યા છે. આ ઉપરાંત સાઉથ સુદાનમાં પણ ક્રૂડનું ઉત્પાદન વધતાં ત્યાંથી ક્રૂડની નિકાસ ફરી શરૂ થયાના નિર્દેશો મળ્યા છે. આ જોતાં હવે આગળ ઉપર ક્રૂડના ભાવ પર તેની કેવી અસર પડે છે તેના પર વિશ્વ બજારના ખેલાડીઓની નજર રહી છે.વિશ્વના દેશોમાં કોરોનાની સ્થિતિ હળવી થતાં સરકારોએ લોકડાઉનમાં છૂટછાટ મૂકી છે. પરીણામે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની માગમાં ઊછાળો આવતાં ક્રૂડમાં તેજીનું તોફાન આવ્યું છે. સોમવારે ક્રૂડ ઓઈલના ભાવ વધીને ૮૦ ડૉલરની નજીક ત્રણ વર્ષની ટોચે પહોંચી ગયા છે. ક્રૂડમાં ભાવવધારાથી ભારતમાંપેટ્રોલ અને ડીઝલના ભાવમાં તાજેતરમાં સામાન્ય ઘટાડો થયા બાદ ફરી એકવાર વધારો થશે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થતાં આગામી તહેવારોના દિવસોમાં મોંઘવારી



વધવાની ભીતિ છે. મોંઘવારી વધતા ફુગાવામાં પણ વધારો થશે, જેની પાછળ અન્ય ચીજ વસ્તુઓના ભાવ પણ ઝડપથી વધશે અને તેની સીધી અસર ભારતીય આર્થતંત્ર પર જોવા મળે તેવી શક્યતા છે. વિશ્વ બજારમાં બ્રેન્ટક્રૂડના ભાવ વધી બેરલદીઠ ૮૦ ડોલરની નજીક પહોંચીગયા છે અને આગળ ઉપર ભાવ ૯૦ ડોલર થવાની આગાહી ગોલ્ડમેન સેક દ્વારા કરવામાં આવતા વિશ્વ બજારના ખેલાડીઓ સ્તબ્ધ બની ગયા છે. તેજીની આગાહી વચ્ચે વૈશ્વિક ક્રૂડ વાયદામાં મંદીવાળાઓ વેંચાણ કાપવા માંડયા છે. ક્રૂડતેલના વૈશ્વિક ભાવ આજે બેથી અઢી ટકા ઉછળ્યા હતા. બ્રેન્ટક્રૂડના ભાવ આજે ઉંચામાં ૭૯.૮૩ ડોલર સુધી પહોંચ્યા હતા જ્યારે ન્યુયોર્ક ક્રૂડના ભાવ ૭૬ ડોલર નજીક પહોંચ્યા હતા. અમેરિકામાં તાજેતરના વાવાઝોડાઓ પછી હજી પણ ત્યાં ક્રૂડ ઉત્પાદનમાં સ્થિતિ થાળે પડી નથી અને તેના પગલે ત્યાં શોર્ટ સપ્લાય જેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યાં નેચરલ ગેસના ભાવ આજે ૭થી ૮ ટકા ઉછળતાં તેના પગલે પણ ક્રૂડતેલની વૈશ્વિક તેજીને પીઠબળ મળ્યું હોવાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું. એક મહિના પૂર્વે બ્રેન્ટ ક્રૂડના ભાવ ૭૧થી ૭૨ ડોલર બોલાતા હતા. છેલ્લાં પાંચ વર્ષની સૌથી ઉંચી ટોચ ૮૪ ડોલર રહી છે અને આ ટોચ હવે પછી બજાર આંબી જશે એવી શક્યતા છે. ક્રૂડતેલમાં વિશ્વ બજારમાં વધતી બજારે ચીન તથા ભારતની લેવાલી વધતાં તેજીને ટેકો મળ્યો છે. ચીનના બાયરોએ વિશ્વ બજારમાં ૪૪થી ૪૫ લાખ બેરલ્સ ક્રૂડ તેલની ખરીદીના સોદા કર્યાના નિર્દેશો દરિયાપારથી મળ્યા હતા. ક્રૂડના ઉત્પાદક દેશોમાં સગંઠન ઓપેકે તાજેતરમાં ઉત્પાદન વધારવાનો નિર્ણય કર્યો હતો.પરંતુ ત્યારબાદ મળેલા સમાચાર મુજબ ઓપેકના ઘણા દેશોમાં નાણાંની અછત તથા ઘણા એકમો મેન્ટેનન્સમાં જતાં ઉત્પાદનમાં વૃદ્ધી અપેક્ષા પ્રમાણે થઈ શકી નથી એવું જાણકારોએ જણાવ્યું હતું. બીજી તરફ વિવિધ દેશોમાં તાજેતરના લોકડાઉન પછી હવે રિઓપનિંગની પ્રક્રિયા શરૂ થતાં તેનાપગલે વિશ્વ બજારમાં ક્રૂડતેલની માગમાં વૃદ્ધી થયાના સમાચાર પણ મળ્યા છે. ભારતમાં ક્રૂડતેલની આયાત તાજેતરમાં વધી ત્રણ મહિનાની ટોચે પહોંચી છે. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ગયા વર્ષે એપ્રિલમાં કોરોનાની પ્રથમ લહેરમાં લોકડાઉનના પગલે ગબડી એક તબક્કે નેગેટીવ ટેરેટરીમાં ઉતરી ગયા હતા. અને હવે ભાવ ઉછળી ત્રણ વર્ષની ટોચે પહોંચી ગયા છે. ભારતમાં હાલ શ્રાદ્ધપક્ષ ચાલી રહ્યો છે અને ત્યાર પછી ટૂંકમાં તહેવારોની મોસમ શરૂ થવાની છે ત્યારે ક્રૂડતેલમાં તેજીનો પવન ફૂંકાવા માંડતાં પેટ્રોલ ડિઝલના ભાવ ફરી ઉછળવાની શક્યતા સર્જાઈ છે.

# કૃષિ કાયદાને લઈને ખેડૂતોના ભારત બંધની અનેક રાજ્યોમાં અસર જોવા મળી

નવી દિલ્હી, સંયુક્ત કિસાન મોરચાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આંધ્ર પ્રદેશ, બિહાર, આસામ, ચંડીગઢ, દિલ્હી, ગુજરાત, હરયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર, ઝારખંડ, કેરળ, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, પોંડીચેરી, પંજાબ, રાજસ્થાન, તમિલનાડુ, તેલંગાણા, ત્રિપુરા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પ. બંગાળમાં અસર જોવા મળી હતી. દરમિયાન રેલવેએ જણાવ્યું હતું કે ભારત બંધ દરમિયાન ૫૦ ટ્રેનોને અસર થઈ હતી, દિલ્હી, અંબાલા, ફિરોઝપુર ડિવિઝનમાં ૨૦ સ્થળોએ ચક્કાજામ કરવામાં આવ્યો હતો. જંતરમંતર પર ટ્રેડ યુનિયન્સ દ્વારા ખેડૂતોના ભારત બંધને સફળ બનાવવા માટે પ્રદર્શનો યોજવામાં આવ્યા હતા.કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલા ખેડૂતો દ્વારા ૨૭મી તારીખે ભારત બંધ પાળવામાં આવ્યો હતો. જે દરમિયાન અનેક ટ્રેનોને રદ કરવામાં આવી હતી. ભારત બંધને ખેડૂતો ઉપરાંત અનેક રાજકીય પક્ષો અને સામાજિક સંગઠનોનું સમર્થન મળ્યું હતું. સંયુક્ત કિસાન મોરચાના ભારત બંધને અનેક રાજકીય પક્ષોએ પણ સમર્થન આપ્યું હતું. અને બંધમાં જોડાયા પણ હતા. ભારત બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. આ દરમિયાન અનેક રાજ્યોમાં પણ વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. ખેડૂતો આ દરમિયાન ઈમર્જન્સી સેવાઓને છોડીને દરેક વસ્તુઓને બંધ રાખી હતી. ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું હતુ કે ભારત બંધ પૂર્ણ રૂપે સફળ રહ્યો છે. હવે આગામી રણનીતી સંયુક્ત કિસાન મોરચા તૈયાર કરશે. તેમણે કહ્યું કે અમારો ભારત બંધ સફળ રહ્યો છે. અમને ખેડૂતોનું પુરૂ સમર્થન મળ્યું હતું. અમે બધુ જ સીલ ન કરી શકીએ કેમ કે અમારે લોકોની અવર જવરને સુવિધાજનક બનાવવાની હતી. સવારે છ વાગ્યાથી સાંજે ચાર વાગ્યા દરમિયાન ભારત બંધ પાળવામાં આવ્યો હતો.

# ગુજરાતમાં પ્રશ્નોના નિરાકરણના અભાવે વાજબી ભાવ ભાવની દુકાનો થઈ બંધ

ગાંધીનગર, મહાનગરો સહિત રાજ્યમાં વાજબી ભાવની દુકાનો બંધ થતાં ૭૨ લાખથી વધુ પરિવારો અને ૩ કરોડથી વધુ રાશનઅનાજ મેળવતાં લોકો માટે પેટ ભરવી એ પણ વિકટ સમસ્યા સર્જાઇ છે. રાજયમાં વાજબી ભાવની દુકાનો બંધ થતાં કેન્દ્રસરકારે અમલી બનાવેલી મફત અનાજ યોજનાનો લાભ મેળવવાથી પણ રાશનકાર્ડધારકો વંચિત રહેશે. વાજબીભાવની દુકાનો બંધ કરવા માટે અનાજના પુરવઠો આપવામાં ગેરરીતી અને કાંઈક અંશે સંચાલકોની ગેરરીતિ સહિતના કારણ પણ જવાબદાર છે. હાલ તો સરકાર અને વાજબીભાવની દુકાનના સંચાલકો વચ્ચે અંતે રાશનકાર્ડધારક ગરીબ પરિવારો પીસાયાં છે.ગુજરાતમાં વાજબી ભાવની દુકાન ધરાવતાં સંચાલકોના રાજીનામા અને અન્યકારણથી વાજબી ભાવની દુકાનોને તાળાં લાગી ગયા છે. પરિણામે ગુજરાતના અનેક ગરીબપ ગુજરાતમાં વાજબી ભાવની દુકાન ધરાવતાં સંચાલકોના રાજીનામા અને અન્યકારણથી વાજબી ભાવની દુકાનોને તાળાં લાગી ગયા છે. પરિણામે ગુજરાતના અનેક ગરીબ પરિવારોને સરકારના વાજબી ભાવે મળતાં અનાજથી વંચિત રહેવાનો સમય આવ્યો છે. રાજ્યના ગરીબ પરિવારોને તદન રાહતદરે અનાજ મળી રહે તે હેતુ વાજબી ભાવની દુકાનો શરૂ કરવામાં આવી છે. વાજબી ભાવની દુકાનનુ સંચાલન કરતાં સંચાલકોને વાજબી ભાવનું અનાજ મેળવવા સહિત પડી રહેલી કેટલીક સમસ્યા અને આર્થિક રીતે પણ ઓછી આવક થતાં વાજબી ભાવની દુકાનો બંધ થાય એવી સ્થિતિનું નિર્માણ થયું હતું. પરિણામે ગુજરાતમાં ૧ હજાર ૪૫૫ વાજબી ભાવની દુકાનો આજની સ્થિતિએ બંધ થઈ હોવાની વાત ખુદ રાજ્યસરકારે સ્વીકારી છે. ગુજરાત વિધાનસભાના બે દિવસીય ટૂંકાસત્રમાં અન્ન અને નાગરિક પુરવઠાપ્રધાને લેખિત પ્રશ્નના ઉત્તરમાં આ માહિતી જાહેર કરી છે. જવાબમાં જણાવાયા મુજબ બંધ થયેલી દુકાનના ૫૦ ટકા સંચાલકોએ રાજીનામા આપતાં હાલ તો વાજબીભાવની દુકાનો બંધ થતાં ગરીબ પરિવારો મુશ્કેલીમાં મૂકાયા છે.

## દાહોદ પાલિકા દ્વારા T.P. સ્કીમ હેઠળ લાવવામાં આવેલ જમીનો

# સત્તાધિશો સાથે મળી ભૂમાફિયાઓ હેરફેર કરવામાં આવ્યા તેની તપાસ થવી જરૂરી

દાહોદ,

દાહોદ શહેર ભવિષ્યમાં વિકાસ પામે તે હેતુથી દાહોદ નગરપાલિકા દ્વારા સન.૧૯૭૬–૭૭મા ટી.પી.સ્કીમનુ આયોજન કરવામાં આવ્યુ તે ટી.પી.સ્કીમમા દાહોદ શહેરને ઘણી ખરી જમીનોના માલીકોની ખુલ્લી જમીનો અને કાચા પાકા મકાનો સહિતની જમીનો ફા.પ્લોટ તરીકે જુદા જુદા હેતુ માટે દાહોદ નગરપાલિકા દ્વારા સંપાદન કરવાનું આયોજન કરવામાં આવ્યુ તે આયોજન પછી દાહોદ શહેરના ઘણા ખરા જમીન માફીયાઓ પોતાના અંગત સ્વાર્થ સાધવા માટે જે હેતુથી ટી.પી.સ્કીમ લાવવામાં આવી હતી. તે હેતુ સીધ્ધના થાય તે માટે ઘણી ખરી જમીનોના હેતુફેર કરવામાં આવ્યા અને તે જમીનો ઉપર જમીન માફીયાઓ દ્વારા ચેન કેન પ્રકારે નગરપાલિકાના સત્તાધીશોને સાથે રાખી તે જમીનોના કબ્જાઓ કરવામાં આવ્યા ટાઉન પ્લાનીંગ સ્કીમ એક વખત જાહેર થઈ જાય તે પછી તે કાયદો બની જતી હોય છે અને તે જમીનો જે હેતુ માટે નીમ થયેલ હોય છે તે હેતુમા તેને વાપર ઉપભોગ કરવાનો થતો હોય છે, પરંતુ દાહોદ નગરપાલિકાના સત્તાધીશો દ્વારા ફા.પ્લોટોની જમીનોના ઠરાવો કરવા, તેને રદ કરવા, કોર્ટ કચેરીઓમા કેસો કરવા, તેને પાછા ખેચવા જેવી ઘણી બધી બાબતો ઘણુ બધુ સુચવી જાય તેમ છે. દાહોદ નગરપાલિકાના સત્તાધીશોને શહેરના વિકાસ માટે ટી.પી.સ્કીમ હેઠળ ફા.પ્લોટ નંબર ૮૫ થી ૧૧૫ સુધીની જેટલી જમીનો પ્રાપ્ત થયેલ તે તમામ જમીનોના કબ્જા નગરપાલિકા હસ્તક કરવાના થતા હતા પરંતુ નગરપાલિકાના સત્તાધીશોએ ફક્ત નગરપાલિકા રેકર્ડના બી.ફાર્મમા તેની નોંધ કરી સંતોષ માની લીધેલ હોય તેવુ જણાય છે. કારણ કે આ ફા.પ્લોટની જમીનોના કબ્જાઓ આજની તારીખે પણ નગરપાલિકા પાસે હોય તેવુ જણાતુ નથી.

દાહોદ નગરપાલિકા પાસે ટી.પી.સ્કીમ હેઠળની જમીનોનો સ્થળ સ્થિતી દર્શાવતા પત્રક ધ્યાને લેવામાં આવે તો ફા. પ્લોટ નંબર ૮૫ જે રે.સ.નં.૫૬/એ નો ભાગ છે, તેવી રીતે ફા.પ્લોટ નંબર ૮૬ સરકારી છે, ફા.પ્લોટ નંબર ૮૭ જે રે.સ.નં.૭૫૪ નો ભાગ છે, ફા. પ્લોટ નંબર ૮૮ તે સરકારી છે, તેવી જ રીતે ૮૯ તે પણ સરકારી છે, તેવી જ રીતે ફા.પ્લોટ નંબર ૯૦/૧ તે પણ સરકારી છે, તેવી રીતે ફા.પ્લોટ નંબર ૯૦/૨ તે પણ સરકારી છે, તેવી જ રીતે ફા.પ્લોટ નંબર ૯૧ તે પણ સરકારી છે. તેવી જ રીતે ફા.પ્લોટ નંબર ૯૨ તે પણ સરકારી છે અને ફા.પ્લોટ નંબર ૯૩ તે પણ સરકારી છે. તેવી જ રીતે ફા.પ્લોટ નંબર ૯૪ જે રે.સ.નં.૨૭૮ નો ભાગ છે, ફા.પ્લોટ નં.૯૫ જે ૮૩/એમ નો ભાગ છે, ફા.પ્લોટ નં.૯૬ જે ૧૬૫, ૧૬૬ નો ભાગ છે, ફા.પ્લોટ નં.૯૭/૧ જે સરકારી છે તેવી જ રીતે ૯૭/૨ તે પણ સરકારી છે. ફા.પ્લોટ નં.૯૮ તે પાર્કીંગના હેતુ માટે છે, ફા.પ્લોટ નં.૯૯ જે બાગના હેતુ માટે છે ફા પ્લોટ નં.૧૦૦ તે પણ બાગના હેતુ માટે છે, ફા.પ્લોટ નંબર ૧૦૧ જે દાહોદ નગરપાલિકાના ઉપયોગ માટે છે, ફા. પ્લોટ નં.૧૦૨ ગ્રીન સ્પેશના હેતુ માટે છે, ફા.પ્લોટ નં.૧૦૩/૧ તે પણ ગ્રીન સ્પેશના હેતુ માટે છે, ફા.પ્લોટ નં.૧૦૩/૨ તે પણ ગ્રીન સ્પેશના હેતુ માટે છે, ફા.પ્લોટ નં.૧૦૪ તે પણ ગ્રીન સ્પેશના હેતુ માટે છે ફા.પ્લોટ નં.૧૦૫ તે પણ ગ્રીન સ્પેશના હેતુ માટે છે, ફા.પ્લોટ નં.૧૦૬ તે બાગ બગીચાના હેતુ માટે છે, ફા. પ્લોટ નં.૧૦૭ તે પણ બાગ બગીચાના હેતુ માટે છે, ફા.પ્લોટ નં.૧૦૮ જે પબ્લીક માટે હાઉસીંગ સ્કીમ ઉભી કરવા માટેનો છે, ફા.પ્લોટ નં.૧૦૯ જે ગ્રીન સ્પેશના હેતુ માટે છે, ફા.પ્લોટ નં.૧૧૦ તે પણ પબ્લીક હાઉસીંગ સ્કીમના હેતુ માટે છે, ફા.પ્લોટ નં.૧૧૧ તે પણ ગ્રીન સ્પેશના હેતુ માટે છે, ફા.પ્લોટ નં.૧૧૨/૧ તે પણ પબ્લીક હાઉસીંગ સ્કીમના હેતુ માટે છે ફા.પ્લોટ નં ૧૧૨/૨ તે પણ પબ્લીક હાઉસીંગ સ્કીમ માટે છે, ફા.પ્લોટ ૧૧૩/૧ તે ગ્રીન સ્પેશના હેતુ માટે છે, ફા.પ્લોટ નંબર ૧૧૩/૨ તે પણ ગ્રીન સ્પેશના હેતુ માટે છે. ફા.પ્લોટ નં ૧૧૪ તે પણ ગ્રીન સ્પેશના હેતુ માટે છે, ફા.પ્લોટ નં ૧૧૫ તે ગ્રીન સ્પેશના હેતુ માટે છે.

આવી રીતે દાહોદ નગરપાલિકાને ફા.પ્લોટોની તમામ જમીન જુદા જુદા હેતુ માટે પ્રાપ્ત થયેલ પરંતુ નગરપાલિકાના સત્તાધીશો દ્વારા ઘણી ખરી ફા.પ્લોટોની જમીનોના હેતુ ફેરના ઠરાવો અને ભલામણો દ્વારા સરકારમા તે હેતુફેર કરાવી ભુ–માફીયાઓને સરકારના નીતીનિયમોને નેવે મુકી તેમના કબ્જામા સોપી દીધી હોય તેવુ જણાય રહ્યુ છે. આ તમામ જમીનો દાહોદ નગરપાલિકાના રેકર્ડ ઉપર ખાતરી કરવામાં અ ાવે તો હાલ શું હાલતમાં છે. તેનો ચિતાર દાહોદ શહેરની પ્રજાજના સામે લાવી શકાય તેમ છે.

દાહોદ શહેર સ્માર્ટ સીટી તરફ આગળ વધી રહ્યુ હોય તેવા સમય ટી.પી. સ્કીમ હેઠળ દાહોદ શહેરના વિકાસ માટે ફા.પ્લોટ નંબર ૮૫ થી ૧૧૫ સુધીની જમીનો તેમજ અન્ય ફા.પ્લોટોની જમીનો દાહોદ શહેરને સ્માર્ટ સીટીમાં અનેક રીતે વિકાસના કામોમા ઉપયોગી થઈ શકે તેમ છે. જેથી આ તમામ જમીનોની ઝીણવટભરી તપાસ કરવામાં આવે અને આ જમીનોનો કબ્જો સરકાર હસ્તક કરવામાં આવે તે પ્રજાહિત માટે જરૂરી છે.

## ST વિભાગના કમાઉ દીકરાની દુર્દશા...

# સ્માર્ટ સીટી દાહોદના બસ સ્ટેશનમાં ગંદકીની ભરમાર, કાદવ કીચડમાં સાામ્રાજ્ય વચ્ચે મુસાફરોને ભારે હાલાકી





તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લોએ આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો છે. દાહોદ મધ્ય પ્રદેશ તેમજ રાજસ્થાનની સરહદે આવેલા જિલ્લો હોવાથી દાહોદ જિલ્લા તેમજ પાડોસી રાજ્યના આસપાસના વિસ્તારોમાંથી પુષ્કળ પ્રમાણમાં મજુર વર્ગ બસો મારફતે ગુજરાત તરફ પ્રયાણ કરે છે તથા અન્ય મુસાફરો તેમજ રોજીંદી મુસાફરી કરતા પાસ હોલ્ડરો થકી દાહોદ બસ્ટેશન દર વર્ષે એસટી વિભાગને કરોડો રૂપિયાની કમાણી કરી ને આપે છે. ગુજરાત એસ.ટી.ના કમાઉ દીકરા ગણાતા દાહોદ બસ સ્ટેશન માટે ગુજરાત એસટી વિભાગ દ્વારા પાંચ વર્ષ અગાઉ જુનુ બસ સ્ટેશન તોડી કરોડો રૂપિયાના ખર્ચે નવીન બસ સ્ટેશન તૈયાર કરવામાં આવ્યો હતો. પરંતુ "મખમલ મેં ટાટ કા પેબંદ" ઉક્તિને સાર્થક કરતાં દાહોદ બસ સ્ટેશનમાં નવું બસ સ્ટેશન તો ઊભુ કરવામાં આવ્યું. પરંતુ બસ સ્ટેશનના પરિસર તેમજ વર્કશોપ વિસ્તારમાં છેલ્લા કેટલાય વર્ષોથી એસટી વિભાગની બેદરકારી તેમજ નિષ્કાળજીના કારણે ઠેર ઠેર ગંદકીના ઢગલા તેમજ કાદવ કીચડ વાળા સામ્રાજ્યથી માથું ફાડી નાખે તેવી દુર્ગંધ આવતા બસ સ્ટેશનમાં આવતા જતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. બસ સ્ટેશન તેમજ તેના પરિસરમાં આસપાસનો વિસ્તારનો કચરો ઠલવાતા તેમજ આસપાસની સોસાયટીઓનો ગટરનું ગંદુ પાણી બસ સ્ટેશનમાં આવતા બસ સ્ટેશન તેમજ આસપાસનો વિસ્તાર ખાન ઉકરડામાં તબદીલ થઇ ગયો છે. આસપાસના ઘરોના આવતા ગંદા પાણી તેમજ ઠલવાતા કચરાના ઢગલાથી સમગ્ર બસ સ્ટેશન તેમજ તેના પરિસરનો આસપાસનો વિસ્તારમાં કાદવકીચડનો સામ્રાજ્ય થઈ જતા મુસાફરોની સાથે બહારગામથી આવતા એસટી બસના ડ્રાઈવર–કંડક્ટર તેમજ કર્મચારીઓ પણ હાલાકી ભોગવવી મજબૂર બન્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આજ ગંદકીના સામ્રાજ્યની વચ્ચે એસટી ડેપો મેનેજરનો નિવાસ્થાન હોવા છતાંય એસટી ડેપો મેનેજરની ઈચ્છાશક્તિ કહો કે નિષ્કાળજીના લીધે સમગ્ર બસ સ્ટેશન તેમજ પરિસરમાં સાફ–સફાઈ નો અભાવ જોવા મળે છે.

હાલ ચોમાસાની સીઝન ચાલી રહ્યો છે. વિડિયો કોલેરા તેમજ વાયરલ જેવા બીમારીઓથી હોસ્પિટલોમાં ઉભરો આવ્યો છે. ગજબ ગીતની ખદબદતા બસ સ્ટેશન વિસ્તારમાં પાણીજન્ય રોગોને આમંત્રણ આપતા મચ્છરના લારવા પુષ્કળ પ્રમાણમાં જોવા મળી રહ્યા છે. જેના લીધે આસપાસના રહેણાંક મકાનો તેમજ સોસાયટીમાં ઘરે ઘરે માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે. ત્યારે એસ.ટી વિભાગ તેમજ સંલગ્ન વિભાગો દ્વારા આવા કપરા સમયમાં શહેરીજનોના હિતોને ધ્યાને લઇ તાત્કાલિક અસરથી યુદ્ધના ધોરણે બસ સ્ટેશનમાં ખાસ સફાઈ ઝુંબેશ હાથ ધરી સમગ્ર બસ સ્ટેશનમાં ગંદકી મુક્ત બનાવે તેવી લાગણી તેમજ માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉઠવા પામી છે.

# દાહોદમાં પીડિતા પર સામુહિક દુષ્કર્મની ઘટનામાં ફરિયાદના ૪૮ કલાક વિતવા છતાં કોઇ કાર્યવાહી ન કરતાં પોલીસની કામગીરી પર અનેક સવાલ

દાહોદ,

દાહોદ શહેરમાં જ રહેતાં ૧૫ ઈસમો સામે એક સગીરા ઉપર સામુહિક દુષ્કર્મ ગુજાર્યા હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. તેમજ ૨ મહિલાઓ વિરૂદ્ધ પણ ગુનો નોંધાયો છે. સગીર બાળા ઉપર દુષ્કર્મની ઘટનામાં આરોપીઓને સામે કાયદેસરની કાર્યવાહી કરવાની પોલીસે તીજવીજ હાથ ધરી છે. આજે દાહોદ જિલ્લા પોલીસ વડાના જણાવ્યાં અનુસાર, આ કેસમાં જે કોઈની પણ સંડોવણી હશે તેઓને કોઈને છોડવામાં આવશે નહીં અને આ મામલે દાહોદ જિલ્લા પોલીસ સંપુર્ણપણે સક્રિય હોવાનું જણાવ્યું હતું. જોકે, તમામ આરોપીઓ દાહોદ શહેરના હોવા છતાં ફરિયાદ થયાના ૪૮ કલાક વિતવા છતાં એકેય આરોપીને ન પકડતા પોલીસવી કામગીરી સામે અનેક સવાલે ઉભા થઇ રહ્યા છે.

દાહોદ જિલ્લા પોલીસ વડાના જણાવ્યાં અનુસાર, દાહોદ શહેર પોલીસ મથકમાં દાહોદ શેસન્સ કોર્ટના હુકમ મુજબ ૩૭૬ની કલમ મુજબ ફરિયાદ નોંધવામાં આવી છે. જેમાં બે મહિલાઓ સહિત ૧૭ આરોપીઓ વિરૂદ્ધ વિવિધ કમલ મુજબ પણ ગુનો નોંધવામાં આવ્યો છે. કોર્ટના આદેશ મુજબ તપાસ કરવામાં આવી રહી છે. જેને અનુસંધાન આ ઘટનામાં મેડીકલ તપાસ, નિવેદનો લેવાની કામગીરી પણ ચાલુ છે.

પોલીસ વડાએ વધુમાં જણાવ્યુ કે, દાહોદ જિલ્લા પોલીસે ફરિયાદી પીડિતાનો સંપર્ક પણ કર્યો આવ્યો છે. સત્વરે દાહોદ આવી આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા તમામ જે આરોપીઓ છે જેમાં કોનો શું રોલ, કોની શુ ભુમીકા અને તેના વિરૂદ્ધમાં શું પુરાવા છે તેને ધ્યાનમાં રાખી પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ દાહોદ જિલ્લા પોલીસવડાએ જણાવ્યું હતું.

આ પીડિતા શોષણ એક મહિના સુધી કરવામા આવ્યુ હોવાનો આક્ષેપ કરાયો છે. તેમજ તમામ આરોપીઓ દાહોદ શહેરના જ છે તેમ છતા બે દિવસ બાદ પણ એકેય આરોપી પોલીસ પકડમા આવ્યો નથી. આ ગુનાના કોઈ મોટા માથાની સંડોવણી છે કે નહી તે પણ બહાર આવ્યુ નથી. કારણ કે, એફઆઈઆરમાં કેટલાક નામ પુરા લખાયેલા નથી. ત્યારે સમગ્ર ઘટનાની તલસ્પર્શી તપાસ કરવી અતિ આવશ્યક લાગી રહ્યુ છે.

# દાહોદ વન વિભાગના કર્મચારીઓ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજયો



દાહોદ,

દાહોદ શહેરમાં પ્રકૃતિ મિત્ર મંડળ પરિવાર દ્વારા પાછલા વર્ષોથી વેસ્ટર્ન રેલવેનાં સતત મળી રહેલા સહયોગની જેમજ આ વખતે ફરીથી તેમના અમૂલ્ય સાથ અને સહકાર હેઠળ સોમવાર રોજ તારીખ ૨૬–૯–૨૦૨૧ના પરેલ વિસ્તારમાં પ્લાંટેશન સાઈટ ગેટ નંબર ૬ ખાતે (સ્પોર્ટ્સ ગ્રાઉંડની સામે) વિશાળ ૧૨૦–૧૦૦ મીટરના વિસ્તારમાં પ્રકૃતિ મિત્ર મંડળ દાહોદના સુચારૂ આયોજન અને પદ્ધતિસર દિશા સૂચન હેઠળ નવતર ઢબે વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો.

વૃક્ષારોપણના કન્વીનર નાસીરભાઇ કાપડીયાની આગેવાની હેઠળ આ વર્ષનો બીજો ઘનિષ્ઠ વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરથી પધારેલ મંડળના સ્થાપક સભ્ય અને જંગલખાતાના નિવૃત્ત અધિકારી હેમંત સુથાર, DFO આર.એમ.પરમાર, ACF ડો.મીનલબેન જાની, રેલ્વે કારખાનાના AEN માંગીલાલ બાનિયા, ડેપ્યુટી CME railway workshop શંકરભાઈ રાઠોડ, ડેપ્યુટી CPM Railway Workshop અમિતેષ વાસ્તવ, રેલ્વેના અન્ય અધિકારીઓ, મંડળનાં સભ્યો તેમજ દાહોદની પ્રકૃતિ પ્રેમી પ્રજાએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આશરે ૧૨૦૦૦ સ્કવેર મીટરમાં પક્ષીઓને આકર્ષી શકે એવા વિવિધ પ્રકારના ૪૪૦ થી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા.

આ તમામ વૃક્ષો "આંગણે વાવીએ કલરવ" સંદર્ભે પક્ષીઓને આકર્ષિત કરતા વૃક્ષો પુસ્તકના અંતર્ગત સમાવિષ્ટ ૫૩ પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. પાછલા કેટલાક દિવસોથી વર્ષા ઋતુના અવિરત વરસેલા આશીર્વાદ વચ્ચે પણ આજરોજ આ આયોજન સુપેરે પાર પાડવામાં આવ્યું. તેમાં સૌનો સહયોગ જ કારણભૂત રહેલો છે. આવનારા સમયમાં પણ આપસૌનો આવો જ ઉમળકાભેર સાથ, સહકાર અને માર્ગદર્શન મળી રહેશે તેવી આશા સહ.

# ધાનપુરના લીલીઆંબા ગામની સગીરાનું લગ્નના ઈરાદે અપહરણ કરતાં ફરિયાદ

ધાનપુર,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના લીલી આંબા ગામે એક ૧૬ વર્ષીય સગીરાને કોઈ અજાણ્યો ઈસમ સગીરાને તેના ઘરેથી અપહરણ કરી લઈ નાસી જતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ગત તારીખ ૧૬મી ઓગસ્ટના રોજ કોઈ અજાણ્યા ઈસમ દ્વારા ધાનપુર તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને રાત્રિના સમયે સગીરાના ઘરે આવી સગીરાને પટાવી – ફોસલાવી અજાણ્યા ઈસમ દ્વારા અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ તાલુકા પંચાયતની પેટા ચુંટણી માટે BTPની મીટીંગ યોજાઈ

દાહોદ,

આજરોજ દાહોદ તાલુકા પંચાયતની પેટા ચૂંટણી આગાવાડા ૦૧ બેઠક પર હવેલી ફળિયામાં BTP નાં ઉમેદવાર નિલેશભાઈ ભાભોર અને રમશુંભાઈ ભાભોરની આગેવાની હેઠળ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં BTP જિલ્લા પ્રમુખ દેવેન્દ્ર મેડા, BTP તાલુકા પ્રમુખ વિનોદભાઈ ડામોર તેમજ સામાજિક કાર્યકર્તા પ્રકાશભાઈ મેડા હાજર રહ્યા અને તેઓ દ્વારા સભા સંબોધી જાણવા મા આવ્યું હતું. આદિવાસી સમાજને પડતી મુશ્કેલીઓ અને આદિવાસી બંધારણીય હક્ક અધિકાર વિશે સમજવામાં આવ્યા તથા ભાજપ અને કોંગ્રેસ પાર્ટી પર સીધા પ્રહાર કરી ભ્રષ્ટાચારી સરકારની આદિવાસી સમાજ પર અત્યાર સુધી ચાલતાં આવતા અત્યાચાર અને જુલ્મને હવેથી સહન કરવામાં આવશે નહીં તેમ જણાવ્યું હતું. ત્યાં મોટી સંખ્યામાં ગામના વડીલો આગેવાનો અને યુવાઓ મુદ્દાઓ પર સમર્થન આપી આગાવાડા ગામનાં ગ્રામજનો દ્વારા જણાવ્યું કે, અમે BTP ઉમેદવારને બહુમતીથી જીતાડીશું એવું આશ્વાસન આપવામાં આવ્યું.

# લીમખેડા કંબોઈ ખાતે અખિલ ભારતીય સંત સમિતિની બેઠક મળી

લીમખેડા,

હનુમાનજી મંદિર કંબોઈ લીમખેડા ખાતે અખિલ ભારતીય સંત સમિતિ દાહોદ જીલ્લાની બેઠક પંચમહાલ જીલ્લા અધ્યક્ષ સંત સ્વામીજી મહારાજની અધ્યક્ષતામા મળી હતી. આજની બેઠકમાં દાહોદ જીલ્લા સંત સમિતિમાં જેમને જવાબદારી મળી છે. તેવા વિમલદાસજી જીલ્લા અધ્યક્ષ દાહોદ અને પ્રવિણ મહારાજ મહામંત્રી તરીકે સંપૂર્ણ દાહોદ જીલ્લામાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત સંતોની હાજરીમાં સ્વાગત કરવામા આવેલ. સાથે જ સંત સમિતિની અન્ય જવાબદારીઓની ઘોષણા કરવામા આવી અને પૂ.સંત સ્વામીજી અને સંતોના હસ્તે તેમને ઘોષણા પત્રો આપી જય જય શ્રી રામના નારાઓથી તેમની જવાબદારી ઓને વધાવી લેવાઈ.

સભાને સંબોધન કરતા પૂ.સંત સ્વામી જી એ આજે દેશમા જે પરિવર્તન દેખાય છે. તે ગુજરાતની ધરતીએ કર્યુ છે અને તેમા સંતોની તાકાત રહેલી છે. આપણો સંત ઢીલો પોચો નહી પણ ગૌરવથી ચાલતો હોવો જોઈએ. હિન્દુ ધર્મથી આ ધરતી જ નહિ ચૌદ બ્રહ્માંડ ઉજળા છે. ધર્મ માટે રાષ્ટ્ર રક્ષા માટે સૌ સંતો એ પંથ સંપ્રદાયને બાજુમા રાખી ગાદી અને મંદિરોના ભેદ ને બાજુમા રાખી હિન્દુ ધર્મ માટે એક થઈને ઉભા રહેવાનુ છે. સંતો દ્વારા રચિત ધર્મ સેના આહ્વાન થતા ધર્મ રક્ષા માટે રાષ્ટ્ર રક્ષા માટે હજારોની સંખ્યામા ઉપસ્થિત રહે તેવા પ્રયત્નો કરવાના છે અને તાલુકા સુધી અખિલ ભારતીય સંત સમિતિમા સંતોને જોડવાના છે. કોઈ પંથ સંપ્રદાય બાકી ન રહી જાય તે રીતે જીલ્લાના તમામ સંતોને જોડી હિન્દુ સમાજના હિત માટે સંત શક્તિ આગળ આવશે તેમ જણાવ્યુ હતું. આ સંત સભાને પ્રાંત કાર્યકારીણી સદસ્ય એવા પુ. દલસુખદાસજી મહારાજ અને પુ.દયાનંદજી મહારાજે પણ સંબોધિત કરી હતી.

# સંજેલી પંચાયત ગૌચર જમીનમાં દબાણ કરાતા સરપંચ સહિત ૧૧ વિરૂદ્ધ ફરિયાદ

સંજેલી,

સંજેલી પંચાયતના સરપંચ કિરણભાઈ રાવત અને તેમના પરિવારના ૧૧ માણસો તથા બીજા અન્ય ઈસમો વિરુદ્ધ સંજેલી કોર્ટમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

ત્રણ માસ અગાઉ સંજેલીમાં આવેલ ગૌચરની જમીનમાં સરપંચ દ્વારા દબાણ કરવામાં આવેલ છે તેની માપણી કરવા માટે તાલુકા વિકાસ અધિકારી હરેશ મકવાણા, ના.ટી.ડી.ઓ.ભુરિયા, અંકિત પટેલ, અરજદાર જશવંતસિંહ ચૌહાણ અને તેમનો પુત્ર વિરેન્દ્રસિંહ હાજર હતા તેવામાં સરપંચ કિરણભાઈ અને તેના પરિવાર દ્વારા જશવંતસિંહ અને તેમના પુત્ર વિરેન્દ્રસિંહ પર હુમલો થયો હતો. આ અંગે સંજેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા જતા ફરિયાદ લેવામાં આવી ન હતી. આખરે કોર્ટમાં જશવંતસિંહે અરજી આપી હતી તે અરજી પર કોર્ટ દ્વારા તપાસ કરીને તા.૧૪ના રોજ કોર્ટ દ્વારા સરપંચ અને તેમના પરિવારના ૧૧ વ્યકિતઓ સામે કાર્યવાહી ચલાવવા માટે આદેશ કરવામાં આવ્યો છે.

# જિલ્લા રોજગાર કચેરી દ્વારા આગામી તા. 30 સપ્ટેમ્બરે રોજગાર ભરતી મેળો યોજાશે

દાહોદ,

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, દાહોદ ખાતે આગામી તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો અને એપ્રેનટિસશિપ તેમજ સ્વરોજગાર માર્ગદર્શન શિબિર સવારે ૧૧ વાગ્યાથી યોજાશે. જિલ્લા રોજગાર વિનિમય કચેરી, દાહોદે આ શિબિરનું આયોજન કર્યુ છે. આ શિબિરમાં ફક્ત મહિલા ઉમેદવારો જ ભાગ લઈ શકશે. ઔદ્યોગિક ક્ષેત્રમાં રોજગારી મળે તે માટે ઉમેદવારોની લઘુત્તમ લાયકાત ધોરણ ૧૨ પાસ, આઈ.ટી.આઈ. તમામ ટ્રેડ પાસ અને ઉંમર ૧૮ થી ૨૮ વર્ષ, વજન ૪૫ કિ.ગ્રા., ઉંચાઇ ૧૫૦ સેમી હોવી જોઇએ. હજાર રહેનાર કંપનીનું નામ એમ.જી. મોર્ટસ, હાલોલ, પંચમહાલ દ્વારા ઉમેદવારોનું ઈન્ટરવ્યું દ્વારા પ્રાથમિક પસંદગી કરવામાં આવશે. તેમજ સ્વરોજગાર લોન સહાય અંગે ઉમેદવારોને માર્ગદર્શન આપવામાં આવશે. ઉક્ત લાયકાત ધરાવતા મહિલા ઉમેદવારોએ ભરતી મેળામાં પોતાના બાયોડેટા સાથે ઉપસ્થિત રહેવા દાહોદનાં રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# સુખસરમાં મહિલા બાઈક પરથી પટકાતા ઘટના સ્થળે મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના સુખસરમાં બાઈક ઉપરથી પટકાયેલી મહિલાને માથામાં ગંભીર ઈજાઓ પહોંચતા તેને સારવાર મળે તે પહેલા જ મોત નીપજવા પામ્યુ હતુ.અકસ્માત સંદર્ભે સુખસર પોલીસ મથકે જાણ કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ફતેપુરા તાલુકાના સાગડાપાડા ગામના ભરતભાઈ વરસિંગભાઈ અમલીયાર તથા તેમની પત્નિ રસીલાબેન બાઈક ઉપર સુખસરથી પરત ઘરે આવતા હતા દરમિયાન ભરતભાઈએ પોતાની બાઈક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી જતાં પાછળ બેઠેલા તેમના પત્નિ રસીલાબેન બાઇક ઉપરથી ફંગોળાઈ નીચે પડી જતા તેમના માથામાં પાછળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર મળે તે પહેલા તેમનુ મોત નીપજ્યું હતુ.

આ સંદર્ભે સંજયભાઈ ભરતભાઈ અમલીયારે સુખસર પોલીસ મથકે જાણ કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દાહોદ ગોવિંદ નગર અટલ લાઈબ્રેરી ખાતે વૈશ્વિક પરીપેક્ષ વિષય ઉપર ગોષ્ટી યોજી

દાહોદ,

તા.૨૬.૦૯.૨૦૨૧ રવિવાર અટલ લાઈબ્રેરી, ગોવિંદ નગર, દાહોદ ખાતે ભારતીય વિચાર મંચ દાહોદના યુવા આયામ દ્વારા વર્તમાન વૈશ્વિક પરિપેક્ષ અને ભારતીય યુવાના વિષય ઉપર એક ગોષ્ટિ કરવામાં આવી. જેમાં દાહોદ નગર અને દાહોદ જિલ્લા માંથી ૬૦ થી વધુ યુવાનો એ ભાગ લીધો હતો. જેમાં વકતા વિજયભાઈ શાહ, વહીવટી અધિકારી, નર્મદા કોલેજ, ભરૂચ માંથી યુવાનોને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું અને અંતે યુવાનોના પ્રશ્નોનું સમાધાન કરી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.32

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર




## મહીકાંઠાના ૧૦૬ ગામોને એલર્ટ કરવામાં આવ્યા

તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

# કડાણા જળાશયમાં પાણીની આવક વધતાં ડેમના ૪ ગેટ ૪ ફુટ ખોલવામાં આવ્યા

ગોધરા,

મહિસાગર જીલ્લા કડાણા ડેમમાં રાજસ્થાન બજાજ સાગર ડેમ માંથી પાણી છોડવામાં આવતાં ડેમની સપાટી ૪૧૮ ફુટ સુધી પહોંચી છે. બજાજ સાગર ડેમ માંથી પાણી છોડવામાં આવી રહ્યું હોય જેને લઈ કડાણા ડેમના ૪ ગેટ ૪ ફુટ સુધી ખોલવામાં આવ્યા છે. જીલ્લા પ્રશાસન દ્વારા મહીકાંઠાના ૧૦૬ ગામોને હાઈ એલર્ટ કરવામાં આવ્યા છે.

મહિસાગર જીલ્લા સહિત ૮ જીલ્લાઓ માટે જીવાદોરી સમાન કડાણા ડેમમાં પાણીનું લેવલ ઘટી જતા ખેડુતો ચિંતીત હતા. હવે જયારે રાજસ્થાનમાં ભારે વરસાદને લઈ પાણીની ભારે આવક થઈ રહી છે. જેને લઈ બજાજ સાગર ડેમ માંથી પાણી છોડવામાં આવતાં કડાણા ડેમની જળ સપાટી ૪૧૮ ફુટ સુધી પહોંચી છે. હાલ પણ ડેમમાં પાણીની આવક થઈ રહી હોય જેને લઈ મહિસાગર જીલ્લા પ્રસાશન દ્વારા કડાણા ડેમનું રૂલ લેવલ જાળવી રાખવા માટે આજરોજ ડેમના ૪ ગેટને ૪ ફુટ ખોલવામાં આવ્યા છે. હાલમાં કડાણા ડેમમાં પાણીની આવક ૪૩૯૫૩ કયુસેક હોય તેની સાથે ૪ ગેટ ખોલીને ૪૩૯૫૨ કયુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. સ્થાનિક પ્રસાશન દ્વારા મહી નદીમાં છોડવામાં આવતાં પાણીના પ્રવાહને લઈ મહી કાંઠાના ૧૦૬ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. સાથે કડાણાના જુના ઘોડીયાર પુલ ઉપર અવરજવર બંધ કરવામાં આવી છે.

> રાજસ્થાનના મહી બજાજ જળાશયમાં પાણીની આવક વધતાં હાલ ડેમ માંથી પાણી છોડવામાં આવી રહ્યું છે. જેને લઈ કડાણા જળાશયની સપાટી ૪૧૮ ફુટ પહોંચતા સ્થાનિક પ્રસાશન દ્વારા જળાશયનું રૂલ લેવલ જાળવી રાખવા માટે ૪૩૯૫૨ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. મહી નદીમાં છોડવામાં આવતાં પાણીને લઈ નદી કાંઠાના ૧૦૬ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

| ભયજનક સપાટી | હાલની સપાટી | આવક | છોડવામાં આવતું પાણી |
|---|---|---|---|
| ૪૧૯ | ૪૧૮.૩ | ૪૩૯૫૨ | ૪૩૯૫૨ |
| ૪ ગેટ ૪ ફુટ ખોલવામાં આવ્યા | | | |

સ્થાનિક તંત્ર દ્વારા કડાણા ડેમમાં વધતા જતાં જળસ્તરની ઉપર નજર રાખી રહ્યું છે. સાથે મહી નદીમાં છોડવામાં આવતાં પાણીને લઈ કાંઠા વિસ્તારના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. સપ્ટેમ્બર મહિનાની શરૂઆતમાં કડાણા જળાશયમાં પાણીની આવક ઘટી જતાં ખેડુતો ચિંતીત બન્યા હતા. હવે જયારે કડાણા ડેમની જળ સપાટી ૪૧૮ ફુટ પહોંચી છે. ત્યારે ખેડુતોમાં આનંદ જોવા મળી રહ્યો છે.

## કાલોલના કાશીમાબાદ સોસાયટીમાં વરસાદી પાણી ભરાઈ રહેવાથી મચ્છરનો ઉપદ્રવ લોકો પરેશાન



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલના કાશીમાબાદ સોસાયટીમાં વરસાદી પાણીના નિકાલના અભાવે પાણી ભરાઈ રહેવાની સમસ્યા થી સ્થાનિકો પરેશાન સાથે કાદવ – કીચડ અને ગંદકીને લઈ મચ્છરનો ઉપદ્રવ વધતાં રોગચાળો ભરડો લે તેવી દહેશત પાલિકા સાફસફાઈ કરે તેવી માંગ કરાઈ.

કાલોલમાં ચોમાસાની સીઝનમાં પાલિકાની પ્રિમોન્સુન કામગીરીને પોલ ખુલી પડી છે. વરસાદની સાથે વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલના અભાવે ઠેરઠેર પાણી ભરાઈની સમસ્યા જોવા મળે છે. કાશીમાબાદ સોસાયટીમાં હળવા ઝાપટા સાથે પાણીના તળાવ ભરાઈ જાય તેવી સ્થિતી નિર્માણ થાય છે. તેમાં પણ વરસાદી પાણીના નિકાલના અભાવે કાદવ–કીચડ અને ગંદકીનું સામ્રાજય થી રહિશો પરેશાન થઈ રહ્યા છે. ગંદકી અને પાણી ભરાવાને કારણે મચ્છરનો ઉપદ્રવ વધ્યો છે. જેને લઈ મચ્છરજન્ય રોગચાળો ભરડો લે તેવી દહેશત વર્તાઈ રહી છે. ત્યારે પાલિકા તંત્ર સાફ સફાઈ કરાવે તેવી સ્થાનિકોમાં માંગ થઈ રહી છે.

## વડોદરા રેપ કેસઃ ફરાર પાવાગઢ મંદિરનો ટ્રસ્ટી રાજુ ભટ્ટ જૂનાગઢથી ઝડપાયો

**ગોધરા,,**

વડોદરા હાઈપ્રોફાઈલ રેપ કેસમાં ફરાર બંને આરોપી પૈકી એક રાજુ ભટ્ટની ધરપકડ થઈ હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. મીડિયા રિપોર્ટ મુજબ પાવાગઢના મંદિરનો પુર્વ ટ્રસ્ટી રાજુ ભટ્ટ જુનાગઢથી ઝડપાયો હોવાનું જાણવા મળ્યું છે હાલ તેની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પૂછપરછ ચાલી રહી છે. જો કે, રેપ કેસનો બીજો આરોપી અશોક જૈન હજી પણ ફરાર હોવાથી પોલીસ દ્વારા તેની સતત શોધખોળ કરવામાં આવી રહી છે.

મીડિયા રિપોર્ટ મુજબ વડોદરા ક્રાઈમ બ્રાન્ચ અને જુનાગઢ પોલીસના જોઈન્ટ ઓપરેશનમાં રાજુ ભટ્ટ પકડાયો છે. ઉલ્લેખનીય છે કે, મૂળ હરિયાણાની અને વડોદરામાં એલએલબીનો અભ્યાસ કરતી ૨૪ વર્ષીય યુવતી પર દુષ્કર્મ કરાયાની ફરિયાદ બાદ રાજુ ભટ્ટ અને સીએ અશોક જૈન ફરાર હતા, જેમાંથી રાજુ ભટ્ટ ઝડપાઈ ગયો છે પરંતુ અશોક જૈન હજી ફરાર હોવાથી તેની શોધખોળ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે.

ક્રાઈમ બ્રાન્ચે ૨૪ વર્ષની કાયદાની વિદ્યાર્થિની પર બળાત્કારના આરોપી રાજુ ભટ્ટને ભાગી જવામાં મદદ કરવા બદલ એક અગ્રણી કુરિયર સર્વિસ ફર્મના મેનેજિંગ ડિરેકટર કાનજી મોકરીયાની ધરપકડ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું કે મોકરીયા ભટ્ટનો મિત્ર છે અને તેને રાજુને ભગાડવામાં મદદ કરી હતી. ભટ્ટ પર નિઝામપુરાના ઘરમાં બ્રાન્ડીની બોટલ મળી આવ્યા બાદ પ્રોહિબિશન એક્ટ હેઠળ પણ ગુનો નોંધવામાં આવ્યો હતો.

ભટ્ટ અને જૈન બંને છેલ્લા આઠ દિવસથી ફરાર હતા અને બંને આરોપી ગુજરાતના પડોશી રાજ્યોમાં ક્યાંક છુપાયા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. જેથી પોલીસ રાજુ ભટ્ટની તો ધરપકડ કરી લીધી છે. જેથી હવે સમગ્ર ઘટનામાં મોટા ખુલાસાઓ થાય તેવી શક્યતાઓ છે. દુષ્કર્મ કેસમાં ફરાર અશોક જૈને સોમવારે વકીલ દ્વારા વડોદરા સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. જેની સુનાવણી બુધવારે એટલે કે આવતીકાલે હાથ ધરાશે તેવું જાણવા મળ્યું છે.

## શંકાસ્પદ હાલતમાં બાળક મૃતક હોવાથી અભયમ ગોધરા ટીમ દ્વારા પોલીસ કાર્યવાહી કરાવી




શહેરા,

શહેરા તાલુકાના ગામ માંથી એક પરણિતાનો ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં કોલ આવેલ કે તેનું એક વર્ષનું બાળક પતિ પાસે છે. જે અપાવવા વિનંતી કરતા ગોધરા અભયમ રેસ્કયુ ટીમ સ્થળ પર પહોંચી કાઉન્સેલીગ કરી રહેલ તે સમયે પતિ એ જણાવેલ કે, બાળક મૃત્યુ પામેલ છે. જેને તેઓ સ્મશાનમાં દફનવિધિ માટે લઈ જઈએ છીએ. જેથી બાળક મૃતક હોવાથી અભ્યયમ ટીમે પોલીસ તંત્રને જાણ કરતા બાળકનું મૃત્યુ ક્યા કારણસર થયેલ છે. જેની જાણકારી માટે પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવેલ છે. મળતી માહિતી મુજબ પતિ પત્નીના ઝગડામાં નાનું બાળક પતિ પાસે હતું. જમનાબેન પત્નીની ગેરહાજરીમાં બાળક કોઈ પ્રવાહી ખોરાક લેતું ના હતું. જેથી માતાના દૂધ વગર બાળક મૃત્યુ પામેલ હોય તેવું તેના પતિ જણાવતા હતા. કોઈપણ કારણ હોઈ શકે પરંતુ માતાપિતાના ઝગડામાં અને બિનજવાબદાર માતા પિતાને કારણે નાના બાળકનું મૃત્યુ થયુ તે કરૂણઘટના બનવા પામી તે હકીક્ત સામે આવી છે.

## ગોધરા ભુરાવાવ ચોકડી થી નાલંદા સ્કુલ સુધીના માર્ગ ઉપર ખાડાઓ પુરવા માટે પાલિકાને રજુઆત



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

ગોધરાના ભુરાવાવ ચોકડી થી નાલંદા સ્કુલ સુધીના રસ્તા ઉપર પાણીની પાઈપ લાઈન માટે ખોદકામ કરવામાં આવ્યું હતું. જેને લઈ રસ્તા ઉપર મોટા ખાડાઓ પડી જવા પામ્યા છે. સ્થાનિક રહિશોને વાહન લઈ કે ચાલતા પસાર થવામાં પરેશાની થતી હોય ત્યારે ખાડા પુરવામાં આવે તેવી માંગ કરાઈ છે.

ગોધરાના ભુરાવાવ ચોકડી થી નાલંદા સ્કુલ સુધીના રસ્તા ઉપર પાણીની પાઈપ લાઈનનું કામ ચાલતું હતું. પાઈપ લાઈન માટે રસ્તો ખોદવામાં આવતાં રસ્તા ઉપર મોટા ખાડાઓ પડી ગયેલ છે. જેને લઈ સ્થાનિક રહિશોને વાહન લઈ પસાર થવું કે રાહદારી નાના બાળકોને અવર–જવર કરવામાં ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. રસ્તા ઉપર પડેલ ખાડાઓમાં પાણી ભરાઈ જવાના કારણે ખાડાનું ધ્યાન ન રહેતા અનેક વાહન ચાલકો પડવાના બનાવો બની રહ્યા છે. સાથે રસ્તા ઉપર પડેલ ખાડાઓને લઈને વાહનોને પણ નુકશાન થઈ રહ્યું છે. ત્યારે આ રસ્તાના ખાડાઓ પુરવા માટે પાલિકા તંત્ર સત્વરે કામ કરે તેવી માંગ રહિશો દ્વારા કરીને પાલિકામાં લેખિત રજુઆત કરાઈ.

## જાંબુઘોડા ખોળસલના ૫૫ વર્ષીય વ્યકિત પીપીયા જંગલ માંથી મૃત હાલતમાં મળી આવ્યા

જાબુંઘોડા,

જાંબુઘોડા તાલુકાના ખોળસલ ગામના ૫૫ વર્ષીય વ્યકિત પીપીયા ગામે કામ અર્થે ગયેલ હતા. તે મોડી રાત્રી સુધી પરત ફર્યા ન હતા અને બીજા દિવસે પીપીયા જંગલ માંથી લોહીલુહાણ મૃત હાલતમાં મળી આવ્યા હતા. મોતનું કારણ જાણવા મળ્યું નથી.

વિસ્તૃત વિગતો પ્રમાણે જાંબુઘોડા તાલુકાના ખોળસલ ગામે રહેતા મનુભાઈ ત્રિભુવનભાઈ બારીયા ઉ.વ.૫૫ જે પીપીયા ગામે કોઈ કામ અર્થે ગયેલ હતા. જે મોડી રાત સુધી પરત નહિ ફરતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા અને મનુભાઈની શોધખોળ કરવામાં આવી હતી છતાં મળી આવ્યા ન હતા. બીજા દિવસે સવારે ઢોર ચરાવવા ગયેલ પશુ પાલકોને પીપીયા જંગલ વિસ્તારમાં મનુભાઈના લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. મનુભાઈનો મૃતદેહ મળી આવ્યાના પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. મૃતદેહને પી.એમ.અર્થે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક રીતે મનુભાઈને માથાના ભાગે લોહી નિકળવાથી મરણ ગયા કે અન્ય કારણોસર તે પી.એમ.રીપોર્ટ આવતા જાણી શકાશે હાલ પોલીસે અ.મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## કાલોલના મલાવ ગામે વીજ થાંભલાના કરંટને લઈ ભેંસનું મોત



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોઇ તાલુકાના મલાવ ગામના રહીશ કાળુભાઈ રામસિંહ રાઠવા ખેતી કરી પોતાનું ગુજરાણ ચલાવે છે. કાળુભાઈ ખેતી સાથે દુધાળા ઢોરનું પણ પાલનપોષણ કરતા હતાં. તેમના દુધાળા પશુને કરાડ કેનાલ પર બે ભેંસ અને બે પાડીને ચારો ચરાવા ગયા હતાં. કરાડ કેનાલ પાસે એમ.જી.વી.સી.એલ. ની થાંભલા પર ડીપી લાગેલ હતી. કારણે ભેંસ ચરતા ચરતા થાંભલા પાસે પોહચી થાંભલા પરતી લટકતા વાયર પાસે જતાં વાયરને સ્પર્શ થઈ જવાથી ભેંસને કરંટ લાગતા મરણ પામી હતી. જોકે એમજીવીસીએલ નબળાઈઓને કારણે એક ખેડૂતનું પશુ મૃત્યુ પામ્યું. જેની ફરિયાદ ખેડૂતે કાલોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી.

## નદીસર તાલુકા પંચાયત બેઠક જીતવા રાજકીય પક્ષો દ્વારા પ્રચાર કાર્ય તેજ

નદીસર,

ભાજપના ચૂંટાયેલ મહિલા સભ્ય દ્વારા રાજીનામું આપતા ખાલી પડેલ નદીસર તાલુકા પંચાયત બેઠક જીતવા રાજકીય પક્ષો દ્વારા પ્રચાર કાર્ય તેજ કરી દેવામાં આવ્યું છે. ભાજપ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખીયો જંગ સર્જાવાના એંધાણ છે. ભાજપ દ્વારા વિકાસને મુદ્દો બનાવાયો છે. જ્યારે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ દ્વારા ભ્રષ્ટાચાર ને મુદ્દો બનાવીને ઘરે ઘરે ફરીને મતદારોને પોતાના અંકે કરવા પ્રચાર કાર્ય કરવા માં આવી રહ્યું છે. આ બધા વચ્ચે ગામમાં ઠેર ઠેર ગંદકી, ઉકરડા, દબાણ અમુક વિસ્તારોમાં પાણીના પ્રશ્નો સહિતના પ્રશ્નો લોક મુખે ચર્ચાઈ રહ્યા છે. આશરે સાત હજાર ઉપરાંત મતદારો ધરાવતી નદીસર તાલુકા પંચાયતની ચૂંટણી રાજકીય રીતે અતિમહત્વની છે. મોટાભાગે કોંગ્રેસ સાથે રહેતી આ બેઠક બે ટર્મ થી ભાજપ પાસે છે. ત્યારે કોંગ્રેસ ફરી થી આ બેઠક પોતાના અંકે કરવા ખાટલા મીટીંગ અને ઘરે ઘરે ફરીને પ્રચાર કરી રહી છે. તો ભાજપ પાસે થી આ બેઠક આંચકી લેવા આમ આદમી પાર્ટી દ્વારા હાઈટેક પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ત્યારે આ બેઠક કોણ અંકે કરે છે તે આવનાર સમય બતાવશે.

## શહેરામાં નકલી કિન્નરને લોકો પાસેથી રૂપીયા ઉઘરાવાતો પકડી કિન્નરોએ મારમાર્યો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના ભદ્રાલા ગામે નકલી કિન્નર બની લોકો પાસેથી રૂપિયાની માંગણી કરતી મહિલાને અસલી કિન્નરોએ મેથીપાક ચખાડ્યો હતો. સમગ્ર ઘટનાનો વીડિયો અને ફોટા પણ વાયરલ થયા છે.

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં અસલી કિન્નરના હાથે એક નકલી કિન્નર ઝડપાઈ જતા તેને મેથીપાક ચખાડયો હતો. જાણવા મળ્યા પ્રમાણે તાલુકાના એક ગામની મહિલા નકલી કિન્નર બની ભદ્રાલા ગામે જઈ ત્યાંના લોકો પાસેથી ઉઘરાણા કરી પૈસાની માંગણી કરતી હોવાનું અસલી કિન્નરોને માલુમ પડતા તેમણે ભદ્રાલા ગામે પહોંચીને જે મહિલા નકલી કિન્નર ને ઉઘરાણા કરતા પકડી પાડી હતી. નકલી કિન્નર ને લાકડી વડે મારમારી મેથીપાક ચખાડતા સ્થાનિક ગ્રામજનો આવા દ્રશ્યો જોવા માટે ભેગા થઈ ગયા હતા. અસલી કિન્નરોએ નકલી કિન્નરની જાહેરમાં ધોલાઈ કર્યાનો વીડિયો સાથે ફોટા પણ સોશિયલ મીડિયા વાયરલ થયા હતા.